## પાંડેસરામાં છ મહિનાથી બેકાર યુવકે ફાંસો ખાધો

સુરતઃ મૂળ ઓરિસ્સાના વતની 25 વર્ષીય ભોળાશંકર ધર્મ પાતરા હાલમાં પાંડેસરા ગોવાલક રોડ પર આવેલી શિવમનગર સોસાયટીમાં પિતા સાથે રહેતો હતો. ભોળાશંકર છેલ્લા છ મહિનાથી બેકાર હતો. તે યોગ્ય કામ શોધી રહ્યો હતો પરંતુ કામ ન મળતા આર્થિક સંકડામણના કારણે તે માનસિક તનાવમાં રહેતો હતો. દરમિયાન સોમવારે રાત્રે તે ઘરમાં લોખંડની એંગલ સાથે વાયર બાંધીને ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવને પગલે પાંડેસરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## સગીર સાથે દુષ્કર્મમાં આરોપી નિર્દોષ છૂટ્યો

સુરતઃ સને-૨૦૨૪માં અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં સગીર સાથે દુષ્કર્મ કર્યું હોવાના આરોપ સાથે પોકસોના કેસમાં કોર્ટમાં ચાર્જશીટ રજુ થતા આરોપી તરફે એડવોકેટ અભિષેક આર. સિંહ નાઓ હાજર થયેલા અને તેઓએ ફરીયાદ પક્ષ સગીરની ઉંમરના કોઈ ચોક્કસ પુરાવા રજુ કરી શકેલ નહી હોવાની અને મેડિકલ રિપોર્ટ તથા સાહેદોની જુબાનીના આધારે ચોક્કસ દુષ્કર્મ સાબિત થતો ન હોવાની કોર્ટ સમક્ષ કરેલી દલીલોને ગ્રાહ્ય રાખીને કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મૂક્યો હતો.

## ઓનલાઈન મંગાવેલું શર્ટ રિટર્ન કરવામાં યુવકને 75 હજારનો ફટકો

સુરતઃ સલાબતપુરા ઈન્દરપુરા રાણાવડ ખાતે રહેતા દેવ હિરલકુમાર રાણાએ ફ્લિપકાર્ટ મારફતે ઓનલાઈન શર્ટ મંગાવ્યો હતો. પાર્સલ ખોલતા શર્ટને બદલે પેન્ટ નીકળ્યું હતું. યુવકે તેને રિટર્ન કરવાની પ્રોસેસ કરતાં અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો. ઠગે યુવકના વોટ્સએપ પર 'Customer support' નામની એક એપ્લિકેશન મોકલી ગુગલ પે ખોલીને બેલેન્સ ચેક કરવા માટે પિન નંબર નાખવા કહ્યું હતું. યુવકે પિન નાંખતાની સાથે જ તેના કેનેરા બેંકના એકાઉન્ટમાંથી રૂ.૭૫,૦૦૦ ઉપડી ગયા હતા.

## RTO ઈ-ચલણના નામે APK ફાઈલ મોકલી રૂ.8.42 લાખની ઠગાઈ

સુરતઃ અમરોલી કોલેજ રોડ સ્થિત શ્રીનાથ રો હાઉસમાં રહેતા અને નિવૃત્ત જીવન જીવતા મહેશકુમાર મંગળદાસ પટેલ (ઉં.વ.૫૯)ના મોબાઈલ પર મોકલાયેલી 'RTO Challan.apk' ફાઈલ વપર મહેશકુમારે ક્લિક્ કરતાં તેમના ખાતામાંથી 10 ટ્રાન્જેકશન મારફત રૂપિયા ૮.૪૨ લાખ ઉડી ગયા હતા. તેમમે સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## કેમિકલના વેપારી સાથે રૂ.૪.૧૨ લાખની ઠગાઈ

સુરતઃ પર્વત ગામ સ્થિત સિલિકોન કોમ્પ્લેક્સમાં રહેતા અને લિંબાયતના મહાપ્રભુનગર ખાતે 'દત્તુ ક્રિએશન્સ'ના નામે મનસુખભાઈ પુનાભાઈ કવાડ (ઉં.વ.૩૦) કપડામાં વપરાતા કેમિકલનો ધંધો કરે છે. ગત વર્ષ-૨૦૨૫ના નવેમ્બર માસથી અલગ અલગ તારીખ અને સમયે આરોપીઓ અફરોજ, ફિરોઝ અને અરબાઝ દ્વારા મનસુખભાઈ પાસેથી કુલ રૂ.૫,૯૩,૮૯૫ની કિંમતનું કેમિકલ ખરીદવામાં આવ્યું હતું. જોકે તેની સામે આરોપીઓએ માત્ર રૂ.૧,૮૧,૦૦૦ ચૂકવ્યા હતા, જ્યારે બાકીની રકમ રૂ.૪,૧૨,૮૯૫ આજદિન સુધી ચૂકવવામાં આવી ન હતી. વેપારીએ અવારનવાર રૂબરૂ મળી તથા ફોન કરીને નાણાંની માંગણી કરતાં આરોપીઓ ખોટા વાયદા કરી બહાનાબાજી કરતા હતા. આખરે આરોપીઓએ નાણાં ચૂકવવાની સ્પષ્ટ ના પાડી દેતાં વેપારી સાથે ગુનાહિત વિશ્વાસઘાત કરવામાં આવ્યો હતો. આ અંગે લિંબાયત પોલીસે અફરોજ એહમદ મેહરાજ એહમદ ઠાકોર, ફિરોઝ અને અરબાઝ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## નવરાત્રિની તૈયારીઃ ઉમિયાધામ મંદિરે 'મા'ના સ્વાગત માટે રોશનીનો શણગાર



આસો મહિનાનના આરંભ સાથે જ મા અંબાની ભક્તિનો અનેરો અવસર શરૂ થશે. આસો નવરાત્રિનું આગમનને હવે થોડા જ દિવસો બાકી છે ત્યારે શહેરના માઈ ભક્તોમાં અનેરો ઉત્સાહ અને ઉમંગનો માહોલ છે. ત્યારે સુરતના ઉમિયાધામ મંદિરને રોશનીના શણગારથી સજાવી દેવામાં આવ્યું છે. ઉમિયાધામ, સુરત મંદિરના મુખ્ય પૂજારી કિર્તીભાઈ જોષીના જણાવ્યા મુજબ નવરાત્રિ દરમિયાન રોજેરોજ વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આસો સુદ આઠમના દિવસે સવારે ૯ વાગ્યે નવચંડી યજ્ઞનો પ્રારંભ થશે અને સાંજે ૫:૩૦ કલાકે પૂર્ણાહુતિ થશે. રાત્રે ૯ વાગ્યે મહાઆરતી યોજાશે. આયોજકોએ તમામ ભક્તજનોને ધાર્મિક કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી લાભ લેવા અનુરોધ કર્યો છે. **(તસવીર : સતીષ જાદવ)**

# ઉત્રાણ બ્રિજ પાસે સ્કૂલ રિક્ષાને BRTS બસે ટક્કર મારતા ૩ વિદ્યાર્થી ઘાયલ

**બે** સગી બહેનો અને એક બાળકને ગંભીર ઈજા, બાળકને જડબામાં ફ્રેક્ચર, બસ ચાલક સામે ગુનો

સુરતઃ ઉત્રાણ-અમરોલી બ્રિજ પાસે પાણીની ટાંકી સામે ગરનાળા ચાર રસ્તા નજીક પૂરઝડપે આવી રહેલી બીઆરટીએસ બસે શાળાનાં બાળકોને લઈ જતી ઓટો રિક્ષાને જોરદાર ટક્કર મારી હતી. આ કાળમુખા અકસ્માતમાં લતા મંગેશકર સ્કૂલમાં ભણતા ત્રણ વિદ્યાર્થી ગંભીર રીતે ઘવાયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે રિક્ષા રસ્તા પર પલટી મારી ગઈ હતી અને બાળકોની ચીસાચીસથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું હતું.

ઉત્રાણના કર્મા સેક્ટમ હોમ્સ ખાતે રહેતા અને ટેક્સટાઈલ વેપાર કરતા ભાવેશકુમાર કુરજીભાઈ ભીકડિયાની બે પુત્રી દિતિ (ઉં.વ.૧૧) અને પૃથા (ઉં.વ.૭) ઉત્રાણની લતા મંગેશકર સ્કૂલમાં અનુક્રમે ધોરણ-૫ અને ધોરણ-૧માં અભ્યાસ કરે છે. દરરોજની જેમ ગત તા.૫/૧૦/૨૦૨૬ના રોજ સવારે સવા સાતેક વાગ્યાના સુમારે બંને બહેનો અન્ય બાળકો સાથે રિક્ષાચાલક મહેશભાઈ મુકેશભાઈ ખીમાણીની બજાજ મેક્સિમા રિક્ષા નં.(GJ-05-DU-9393)માં બેસીને શાળાએ જઈ રહી હતી. દરમિયાન રિક્ષા ઉત્રાણ-અમરોલી બ્રિજ પાણીની ટાંકી સામે ગરનાળામાંથી રસ્તો ક્રોસ કરી રહી હતી, ત્યારે મનીષા ગરનાળા તરફથી પૂરઝડપે અને બેદરકારીપૂર્વક આવી રહેલી લાલ રંગની BRTS બસ નં.(GJ-05-CU-8378)ના ચાલકે રિક્ષાને જોરદાર ટક્કર મારી દીધી હતી. અકસ્માત બાદ રિક્ષાચાલકે તુરંત પરિવારજનોને ફોન કરી અકસ્માતની જાણ કરી હતી. અકસ્માતની જાણ થતાં જ ભાવેશભાઈ અને પરિવારજનો ઉત્રાણ સ્થિત સિલ્વર મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ દોડી ગયા હતા. તબીબી તપાસમાં દિતિને જમણી આંખ પાસે ગંભીર ઈજા થતાં ટાંકા આવ્યા હતા અને પગે મૂઢ ઈજા થઈ હતી. જ્યારે નાની દીકરી પૃથાને ગાલ અને હોઠના ભાગે ગંભીર ઈજા થતાં ટાંકા લેવા પડ્યા હતા. ઉપરાંત રિક્ષામાં સવાર અન્ય એક બાળક વૈધ નરેશભાઈ ઈટાલીયાને દાઢીના ભાગે ટાંકા આવ્યા હતા તેમજ ડાબા જડબામાં અને જમણા હાથની આંગળીઓમાં ફ્રેક્ચર થતાં તેને જનરલ વોર્ડમાં દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે. ભાવેશભાઈ ભીકડિયા અને અન્ય ઈજાગ્રસ્ત બાળકના પિતા નરેશભાઈ ઈટાલીયાએ ઉત્રાણ પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે BRTS બસના ચાલક સામે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી બાળકોને ગંભીર ઈજા પહોંચાડવા બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સુરતથી દિલ્હીની ઈન્ડિગોની વધુ એક ફ્લાઈટ શરૂ થશે

**વિન્ટર** શેડ્યૂલમાં મંગળ, બુધ અને રવિવારે નવી ફ્લાઇટ ઉમેરાશે, ટિકિટ બુકિંગ શરૂ કર્યું

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી દિલ્હી જતાં હવાઈ મુસાફરો માટે વધુ એક વિકલ્પ ઉપલબ્ધ થવા જઈ રહ્યો છે. ઈન્ડિગો એરલાઈન્સે સુરત-દિલ્હી રૂટ પર સપ્તાહમાં ત્રણ દિવસ વધુ એક ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. આ સાથે સુરત એરપોર્ટથી દિલ્હી રૂટ પર ઈન્ડિગોની ફ્લાઈટની સંખ્યા વધીને પાંચ થશે.

વિન્ટર શેડ્યૂલ-2026 અંતર્ગત ઉમેરાનારી આ નવી ફ્લાઈટ મંગળવારે આ ફ્લાઈટ દિલ્હીથી ફ્લાઈટ બપોરે આશરે 1.30 વાગ્યે ઉપડીને 3.25 વાગ્યે સુરત પહોંચશે, જ્યારે પરત સુરતથી સાંજે 4.10 વાગ્યે ઉપડીને 6.05 વાગ્યે દિલ્હી પહોંચશે.જ્યારે રવિવાર અને બુધવારની ફ્લાઈટના સમયમાં ફેરફાર દર્શાવવામાં આવ્યો છે અને દિલ્હીથી બપોરે 12.20 વાગ્યે ઉપડી સુરત 2.25 વાગ્યે પહોંચશે.અને સુરતથી સાંજે 4.10 વાગ્યે ઉપડીને 6.05 વાગ્યે દિલ્હી પહોંચશે. ઈન્ડિગોએ નવી ફ્લાઈટની ટિકિટ બુકિંગ શરૂ કરી છે. દિલ્હી કનેક્ટિવિટી ધરાવતા મુસાફરોને વધુ સમય વિકલ્પ મળશે. સુરત એરપોર્ટથી સર્વાધિક મૂસાફર દિલ્હી રૂટ પર મળી રહ્યાં છે.જે કુલ ડોમેસ્ટિક પેસેન્જરોની તુલના એ 50% જેટલા છે.દિલ્હી દેશના અન્ય શહેરો તેમજ આંતરરાષ્ટ્રીય સ્થળો માટેનું મહત્વનું હબ હોવાથી સુરતના મુસાફરો માટે પણ આ સેવા ઉપયોગી બનશે.

# હડતાળ વચ્ચે કોર્ટ સંકુલમાં નવસારી CID ક્રાઈમના PI પહોંચી જતાં ઘર્ષણ

**મહિલા** પીઆઈ ફરજમાં રૂકાવટની ફરિયાદ કરવા તૈયાર થતાં સામા પક્ષે વકીલો પણ ફરિયાદ કરવા તૈયાર થયા

**મામલો** પોલીસમાં પહોંચતા ઉમરા PIની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો

**સતત** બીજા દિવસે વકીલોએ વિધેયકની હોળી કરી

સુરતઃ છેલ્લા છ દિવસથી ગુજરાત ભાડા વિધેયકની સામે સુરતનાં વકીલોએ હડતાળ પાડી છે. આજે સતત બીજા દિવસે સુરત જિલ્લા વકીલ મંડળના પ્રમુખ ઉદય પટેલ, મુકુંદ રામાણી, ગગજી ભરવાડ સહિતનાં વકીલોએ ભારે સુત્રોચ્ચાર સાથે ગુજરાત ભાડા વિધેયકની હોળી કરી હતી. દરમિયાન બપોરે બે વાગે ટુ વ્હીલર ગાડી પર પાછળ નાના બાળકને બેસાડીને એક મહિલા પોતાને પોલીસ ગણાવી પ્રવેશ લીધાં બાદ ગાડી કોર્ટ પરિસરનાં મંદિર પાસે પહોંચે એ પહેલાં પાછળ બેઠેલો બાળક અચાનક પડી જતાં વકીલો દોડી ગયાં.

આ અંગે સુરત બારના કારોબારી સભ્ય યતીન ઢાકેચાએ જણાવ્યું હતું કે, બાળક પડી ગયું છતાં એ બહેનને ખબર પડી ન હતી. તેમને બાળક સોંપી વકીલોની હડતાળ અંગે જણાવી શા માટે કોર્ટમાં આવ્યાં? તેમ પુછતાં એ બહેન વકીલો સાથે માથાકૂટ કરવા લાગ્યાં હતાં અને પોતાને નવસારી સીઆઈડી ક્રાઈમનાં પીઆઈ હોવાનું જણાવ્યું હતું. પરંતુ તેઓ સાદા ડ્રેસમાં હોય પોલીસ જેવા નહીં લાગતાં વકીલોએ તેમને કોર્ટમાં અંદર જવાની ના પાડતાં તેઓ વધુ ઉશ્કેરાયા હતા. વકીલોએ પોલીસ ન હોવાની શંકા સાથે ૧૧૨ને કોલ કરી પોલીસ બોલાવી લીધી હતી. આખરે આ મામલો ઉમરા પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો. જ્યાં બારનાં સેક્રેટરી મુકુંદ રામાણી, યતીન ઢાકેચા સહિતના વકીલો ધસી ગયાં હતાં. જ્યાં આ મહિલાની આઈડેન્ટી કન્ફર્મ થયાં બાદ વકીલોની સામે ફરજમાં રૂકાવટની ફરિયાદ કરવા તૈયાર થતાં સામે પક્ષે વકીલો પર ફરિયાદ આપવા તૈયાર થતાં ઉમરા પીઆઈની સમજાવટ બાદ મામલો થાળે પડ્યો હતો.

# અલ્ટ્રાટેક કંપનીના સેલ્સમેને રૂ.૭.૨૦ લાખની ઠગાઈ આચરી

**પીયુ** કેમિકલ ખરીદી સમયસર પેમેન્ટ ચૂકવવાનો વાયદો કર્યો

સુરતઃ ખટોદરા વિસ્તારમાં સિરામિક અને કેમિકલનો વેપાર કરતા વેપારી પાસેથી રૂ.૭.૨૦ લાખની કિંમતનું પીયુ કેમિકલ ખરીદી અલ્ટ્રાટેક કંપનીના સેલ્સમેને પેમેન્ટ નહીં કરતાં નોંધાતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

સરથાણા જકાતનાકા પાસે વિશાલનગરમાં રહેતા ૩૮ વર્ષીય પ્રકાશભાઈ પ્રભુભાઈ કારોરીયા ઉધના-મગદલ્લા રોડ, ખટોડરા સ્થિત રણછોડનગર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં એફ.પી. ૧૨૮, ડોમ નંબર-૧ ખાતે 'તરનજોત સીરામિક્સ પ્રા.લિ.' ના નામે ટાઈલ્સ, સિરામિક અને કેમિકલનો વેપાર કરે છે. પ્રકાશભાઈની દુકાને અલ્ટ્રાટેક કંપનીમાં સેલ્સમેન તરીકે નોકરી કરતો અભિષેક બોરસે કંપનીના કામે અવારનવાર આવતો હોવાથી પ્રકાશભાઈ સાથે તેની ઓળખાણ થઈ હતી. ગત જૂન-૨૦૨૬માં સમયસર પેમેન્ટ ચૂકવવાની ખાતરી આપી અભિષેક બોરસે પ્રકાશભાઈની પેઢીમાંથી રૂ.7.20 લાખનું પીયુ કેમિકલ ખરીદ્યું હતું.

કેમિકલનો જથ્થો લઈ ગયા બાદ સમયમર્યાદા વીતી જવા છતાં અભિષેક બોરસે બિલનું પેમેન્ટ ચૂકવ્યું નહોતું. વેપારી દ્વારા અવારનવાર ઉઘરાણી કરવા છતાં તેણે બહાનાં બતાવી નાણાં આપ્યાં ન હતાં. છેતરપિંડી થઈ હોવાનું જણાતાં પ્રકાશભાઈ કારોરીયાએ ખટોદરા પોલીસ સ્ટેશને અભિષેક બોરસે સામે ફરિયાદ નોંધવાત. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# નવરાત્રિને જૂજ દિવસો બાકી છતાં ફાયર પરવાનગી માટે આયોજકોની ઉદાસીનતા

**સુરત** મનપાની કડક ગાઈડલાઈન છતાં એકપણ NOC નહીં

સુરતઃ શહેરમાં નવરાત્રિ પર્વના આગમનને હવે ગણતરીના જ દિવસો બાકી રહ્યા છે, ત્યારે ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને વિવિધ સ્થળોએ ધંધાદારી ગરબાના મોટા ડોમ તથા મંડપ ઊભા કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જોકે, બીજી તરફ સુરત મહાનગરપાલિકાના ફાયર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલી કડક માર્ગદર્શિકા અને ફરજિયાત ફાયર એનઓસી (NOC) મેળવવાની શરત સામે ગરબા આયોજકોની ભારે ઉદાસીનતા સામે આવી છે. તહેવાર માથા પર હોવા છતાં અને તૈયારીઓ અંતિમ તબક્કામાં હોવા છતાં હજુ સુધી શહેરના એક પણ નાના કે મોટા ગરબા આયોજકે ફાયર વિભાગ પાસેથી વિધિવત પરવાનગી મેળવવા માટે પ્રક્રિયા હાથ ધરી નથી. આયોજકોના આ વલણને કારણે છેલ્લી ઘડીએ પરવાનગી મેળવવા માટે ભારે દોડધામ અને પડાપડી થાય તેવી પૂરેપૂરી શક્યતાઓ સેવાઈ રહી છે.

સુરત મનપાના ફાયર વિભાગે જાહેર કરેલી સુરક્ષા ગાઈડલાઈન મુજબ, 500 ચોરસ મીટરથી મોટા અને ૮૪મીટરથી વધુ ઊંચાઈ ધરાવતા પંડાલમાં જો 500 થી વધુ લોકો એકત્ર થવાના હોય તો તેનો ચોક્કસ રેકોર્ડ રાખવો ફરજિયાત બનાવવામાં આવ્યો છે. પંડાલની ક્ષમતા કરતાં વધુ લોકોને પ્રવેશ આપી શકાશે નહીં અને પ્રતિ વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી એક ચોરસ મીટર જગ્યા ફાળવવાની રહેશે. આ ઉપરાંત, મુખ્ય સ્ટેજ મેઈન રોડથી 50 મીટરથી વધુ દૂર રાખી શકાશે નહીં તથા ફાયર બ્રિગેડના વાહનોની અવરજવર માટેનો રસ્તો હંમેશાં ખુલ્લો રાખવો પડશે. ઈમરજન્સી એક્ઝિટની પૂરતી વ્યવસ્થા, પ્રવેશદ્વારની પહોળાઈ અને ઊંચાઈ ઓછામાં ઓછી 5 ફૂટ રાખવી તેમજ પંડાલની અંદર ખાણીપીણીના સ્ટોલ પર સંપૂર્ણ પ્રતિબંધ જેવી કડક શરતો મૂકવામાં આવી છે. ફાયર સેફ્ટીના સાધનો ચાલુ હાલતમાં રાખવાના રહેશે. નિયમો સ્પષ્ટ હોવા છતાં આયોજકો દ્વારા કરાતી આળસ સામે હવે તંત્ર બિના પરવાનગીએ ચાલતા આયોજનો સામે કેવા કડક પગલાં ભરે છે તેના પર સૌની નજર રહેશે.

## આજે સુરતમાં લોકશાહી બચાવવા ઈન્ડિયા ગઠબંધનની વિશાળ રેલી યોજાશે

સુરતઃ સમગ્ર દેશમાં ચૂંટણી પ્રક્રિયા તેમજ મતાધિકાર સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. આ જ વિરોધ કાર્યક્રમના અનુસંધાને તા. 08 ઓક્ટોબરના ગુરુવારે ઈન્ડિયા ગઠબંધન સુરત યુનિટ દ્વારા એક વિશાળ રેલી યોજવામાં આવશે. આ રેલી સવારે 10:00 કલાકે વનિતા વિશ્રામ ખાતેથી પ્રસ્થાન કરીને કલેક્ટર કચેરી સુધી પહોંચી કલેક્ટરને આવેદનપત્ર પાઠવશે. સર્કિટ હાઉશ ખાતે આયોજીત આ પત્રકાર પરિષદમાં સુરત કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા, પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા નૈષધ દેસાઈ, CPIના વિજય શેણમારે, NCPના સાગર સોનવણે, CPMના મનસુખ, કોંગ્રેસ કોર્પોરેટર અર્શદ જરીવાલા, અસલમ સાયકલવાલા સહિતના આગેવાનો હાજર રહ્યા હતા.

# ગણેશોત્સવમાં પ્રતિમાઓની ઊંચાઈ મામલે નબળી પોલીસ નવરાત્રિમાં સૂરી

**ખરેખર** ગણેશોત્સવમાં જાહેરનામા પ્રમાણે ઊંચી પ્રતિમાની સ્થાપના પોલીસે અટકાવવી જોઈતી હતી

**નવરાત્રિમાં** તો આમેય ભાગ્યે જ કોઈ ઊંચી પ્રતિમાની સ્થાપના કરે છે ત્યારે પોલીસ જાહેરનામાનો અમલ કરાવશે

સુરત : ગણેશોત્સવમાં પ્રતિમાની ઉંચાઈના નિયમો નહીં પળાવી શકેલી સુરત પોલીસે હવે નવરાત્રિમાં પ્રતિમાની ઉંચાઈ કેટલી હોવી જોઈએ તે અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. જોકે, હકીકતમાં ગણેશોત્સવમાં જ ઉંચી પ્રતિમાની સ્થાપના થાય છે ત્યાં પોલીસ કશું કરી શકી નહીં અને હવે નવરાત્રિમાં જ્યાં પ્રતિમા ઉંચી હોતી જ નથી ત્યાં ઉંચાઈનું જાહેરનામું બહાર પાડ્યું છે. સવાલ એ છે કે આ વખતે પોલીસ ખરેખર નિયમોનો અમલ કરાવશે કે પછી જાહેરનામું માત્ર કાગળ પર જ રહી જશે?

ઈન્ચાર્જ પો..કમિ. વાબાંગ જામીરે બહાર પાડેલા જાહેરનામાં મુજબ શ્રી દુર્ગા માતાજીની માટીની મૂર્તિ બેઠક સહિત ૪ ફૂટથી વધુ ઊંચાઈની બનાવવી, વેચવી, સ્થાપના કરવી કે જાહેર માર્ગ પર લઈ જવા પર પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત પીઓપી (પ્લાસ્ટર ઓફ પેરિસ)ની મૂર્તિ બનાવવા અને સ્થાપના કરવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

મૂર્તિનું વિસર્જન માત્ર નિયત કરાયેલા વિસર્જન સ્થળો અને સ્વીકાર કેન્દ્રો ખાતે જ કરવાનું રહેશે. તાપી નદી સહિત અન્ય કોઈ કુદરતી જળસ્રોત, નદી કે તળાવમાં મૂર્તિ વિસર્જન કરી શકાશે નહીં. વિસર્જન માટે પરમિટમાં દર્શાવેલા નિર્ધારિત રૂટનો જ ઉપયોગ કરવાનો રહેશે. વિસર્જન બાદ બાકી રહેલા નિર્માણ કે માળખાને પણ બે દિવસથી વધુ સમય સુધી ખુલ્લામાં રાખી શકાશે નહીં. જાહેરનામાનો ભંગ કરનાર સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવશે. જોકે, ગણેશોત્સવમાં કશું નહીં કરી શકેલી પોલીસ હવે નવરાત્રિમાં શું કરે છે તે જોવું રહ્યું !

# એકાઉન્ટન્ટે રૂ.10.84 કરોડ ગપચાવ્યા

**જાણીતા** ટ્રાન્સપોર્ટ જેકે એક્સપ્રેસ અને જેકે ટ્રાન્સલાઈનમાં કામ કરતાં એકા. પરીન ટેલરનું કૌભાંડ

**ટ્રાન્સપોર્ટ** માલિકની વ્યક્તિ અને પેઢી મળીને 32 સામે ફરિયાદ

સુરતઃ વેસુ, કેનાલ રોડ સ્થિત રાજહંસ રોલટેન્ડમાં રહેતા અને ૧૫ વર્ષથી 'જે.કે. એક્સપ્રેસ' તથા 'જે.કે. ટ્રાન્સલાઈન' નામે ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતાં જીતેન્દ્ર બંસીલાલ ગુપ્તા સાથે તેમની જ ઓફિસમાં ૧૧ વર્ષથી માસિક રૂ.૩૫,૦૦૦ના પગારથી કામ કરતાં એકાઉન્ટન્ટ પરીન ટેલરે રૂ.૧૦.૮૪ કરોડથી વધુની રકમનો વિશ્વાસઘાત અને ઠગાઈ આચરી હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.

### ચોરીનાં નાણાંથી 12 ટ્રક ખરીદી, ફ્લેટ લીધા

ફરિયાદમાં જણાવ્યા મુજબ એકાઉન્ટન્ટ પરીન અને તેના ભાઈ પ્રતિકે માલિકની જાણ બહાર 'જય કુબેર ટ્રાન્સપોર્ટ', 'જય કુબેર લોજિસ્ટિક' અને 'કોનમાઉન્ટ બિલ્ડસ્પેસ' જેવી ભાગીદારી પેઢીઓ શરૂ કરી દીધી હતી. શેઠની કંપનીના ખાતામાંથી રૂ. ૬૩ લાખથી વધુ રકમ પોતાની નવી પેઢીમાં ટ્રાન્સફર કરી ૧૦થી ૧૨ જેટલા ટ્રકો ખરીદી લીધા હતા. આ ઉપરાંત કોનમાઉન્ટ બિલ્ડસ્પેસમાં રૂ.૬૦ લાખ જમા કરાવ્યા હતા. કંપનીનો અધિકૃત સીમકાર્ડ નંબર પણ ગેરકાયદે ટ્રાન્સફર કરાવી જૂના વેપારીઓને પોતાની નવી કંપનીમાં ડાયવર્ટ કર્યા હતા. ઉચાપત કરેલા નાણાંથી નવી મુંબઈના કલમબોલી વિસ્તારમાં સેન્ચ્યુરી કર્વમાં મોંઘો ફ્લેટ તેમજ સુરત અને બારડોલી ખાતે મિલકતો ખરીદી હોવાનું બહાર આવ્યું છે.

### એકાઉન્ટન્ટ દંપતી સહિત ૯ પકડાયાં

(૧) પરીન ભરતભાઇ ટેલર ઉ.વ ૩૩ રહે-સી/૧૨ પુરૂસોતમનગર શાસ્ત્રી રોડ બારડોલી,સુરત તથા બંગલા નં-૦૮,બાબેન બંગ્લોઝ,બાબેન (૨) પ્રતિક ટેલર ઉ.વ-૩૬, રહે- એજન, જી-સુરત (૩) તેજલ પરીન ટેલર ઉ.વ-૨૮, રહે.એજન,જી-સુરત (૪) ગીતા ભરત ટેલર ની વિધવા ઉ.વ-૫૯, રહે-એજન,જી-સુરત (૫) ભુપેંદ્રસિંઘ કુવરપાલસિંઘ ભદોરીયા ઉ.વ.-૩૬ રહે,ગંગાનગર સોસાયટી, શાસ્ત્રી રોડ બારડોલી,જી- સુરત (૬) પ્રહલાદસિંહ શ્રવણલાલ કટારીયા ઉ.વ.-૩૬ રહે, અંબિકાનગર, એક્સીસ બેંક પાસે, બસ સ્ટોપ નં-૩, ઇચ્છાપોર, સુરત (૭) મહેંદ્ર ગિરધારી સિંઘ ઉ.વ.-૪૧ રહે-૧૧ બાબેન બંગ્લોઝ, ઉમરક કોલેજ પાસે, બાબેન ગામ, બારડોલી, સુરત (૮) પ્રિયંકા ધવલ પરમાર ઉ.વ.-૩૦ રહે-૨૦૮ ધનલક્ષ્મી એપાર્ટમેંટ, અસ્તાન ખરવાસા રોડ, બારડોલી, જી-સુરત (૯) મનિષ જયંતિભાઈ નાયકા ઉ.વ.-૩૦ રહે-સી/૫૦૨, બંસરી રેસીડેન્સી, ડીમાર્ટ પાસે, અગ્રવાલ કોલેજ રોડ, નવસારી

### બેંકની એક્સેલ શીટમાં નામ કંપનીનું, એકાઉન્ટ નંબર પરિવારનો રાખ્યો

બેંકમાંથી IMPS મારફતે બલ્ક પેમેન્ટ કરવા માટે એક્સેલ શીટ તૈયાર કરવામાં આવતી હતી. આ શીટમાં IOCL, HPCL કે BPCL જેવી પેટ્રોલિયમ કંપનીઓનું નામ દર્શાવવામાં આવતું હતું, પરંતુ તેની સામે બેંક ખાતા નંબર અને IFSC કોડ પરીન ટેલર તેની પત્ની તેજલબેન, ભાઈ પ્રતિક, માતા ગીતાબેન અને પિતાના નામે ટ્રાન્સફર કરી દેતો હતો. ૨૦૨૧થી ૨૦૨૬ના સમયગાળામાં કુલ ૩૦ જેટલા અલગ-અલગ ખાતાઓમાં કરોડો રૂપિયાની રકમ ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી.

### ફ્યુઅલ કાર્ડનો અંગત વપરાશ અને પાર્ટી સાથે બોગસ બિલિંગ કરી ઉચાપત

ટ્રાન્સપોર્ટના ટ્રકોમાં ડીઝલ ભરાવવા માટે પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા ઇશ્યૂ કરવામાં આવેલા ફ્યુઅલ કાર્ડ અને કસ્ટમર આઈડીમાં પણ આરોપીએ મોટો ખેલ કર્યો હતો. HPCL અને IOCLના કાર્ડમાં પોતાના મેઇલ આઈડી અને પત્નીનો મોબાઈલ નંબર રજિસ્ટર્ડ કરાવી દીધો હતો. જે રૂટ પર કંપનીના વાહનો જતાં ન હતા તેવા હિસ્સાર, કલમબોલી, હરિયાણા જેવા સ્થળોના પેટ્રોલ પંપ પરથી પોતાના અંગત વાહનોમાં રૂ.૫૧ લાખથી વધુનું ઈંધણ પુરાવ્યું હતું. આ ઉપરાંત હેલીકોન ટ્રેડિંગ હાઉસ નામની ગ્રાહક કંપનીના નામે ખોટા વાહનોના બિલ બનાવી રૂ.૧.૭૦ કરોડની ઉચાપત કરી લીધી હતી તેમજ માલિકના પુત્રની ખોટી સહીથી ચેક લખી ઠગાઈ આચરી હતી.

# વરાછામાં રૂ.૧.૧૩ કરોડના CVD ડાયમંડની છેતરપિંડી

**હીરા** દલાલ દિનેશ રામાણી અને વેપારી અશોક પટેલ સામે ગુનો

સુરતઃ વરાછા મીનીબજાર સ્થિત સુપર ડાયમંડ માર્કેટમાં છેલ્લા ૩૦ વર્ષથી હીરાનો વેપાર કરતાં ૬૬ વર્ષીય વેપારી પાસેથી એક હીરા દલાલ અને તેના સાગરીતે મળીને રૂ.૧,૧૩,૧૨,૦૦૦ ની કિંમતના CVD હીરા પચાવી પાડી વિશ્વાસઘાત આચર્યો છે.

વરાછા મેઈન રોડ પર આવેલી ઉર્મી સોસાયટી પાસે હેમકુંજ બંગ્લોઝમાં રહેતા ધનજીભાઈ મનજીભાઈ ગાંગાણી (ઉ.વ. ૬૬) મીનીબજારની સુપર ડાયમંડ માર્કેટની ઓફિસ નં. ૪૨૫ માં હીરા ખરીદ-વેચાણનો ધંધો કરે છે. તેમને સાતેક વર્ષથી ઓળખતા હીરા દલાલ દિનેશ રામાણીએ ગત તા. ૦૨/૦૫/૨૦૨૩ ના રોજ તેમની ઓફિસે આવી અશોક પટેલ નામના શખ્સની ઓળખાણ કરાવી હતી. દલાલના ભરોસે ધનજીભાઈએ પ્રથમ તબક્કે રૂ. ૧૪.૦૫ લાખના સી.વી.ડી. હીરા ૩૦ દિવસની ક્રેડિટ મર્યાદાની ચિઠ્ઠી બનાવી આપ્યા હતા. જે બાદના સમયમાં કુલ રૂ.૧,૧૩,૧૨,૦૦૦ના હીરા પડાવી લીધા હતા અને તેના બદલામાં બે પ્રોમિસરી નોટ લખી આપી હતી. પેમેન્ટની સમયમર્યાદા પૂર્ણ થતાં નાણાંની માંગણી કરી હતી. બંને શખ્સો અવારનવાર બહાના બતાવી સમય પસાર કરતા રહ્યા હતા અને આખરે પોતાના મોબાઈલ ફોન બંધ કરી નાસી છૂટ્યા હતા. ધનજીભાઈ ગાંગાણીએ ફરિયાદ આપતા અશ્વનીકુમાર પોલીસે બંને આરોપી સામે કાયદેસરનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.